# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ-૨૦૧૮)

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૨૦૧૯ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૧૯-૦૭-૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી અને અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ બાદ 'નોન-રિપોર્ટીંગ', 'નોન-એલોટમેન્ટ' તેમજ પ્રવેશ રદને કારણે ખાલી રહેલી બેઠકોનો **ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રવેશ કાર્યક્રમ** દર્શાવેલ મુજબ છે. આ પ્રવેશ કાર્યક્રમ માટે જે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ www.gujacpc.nic.in ઉપર પોતાના લોગઈન આઈડી (Login ID) ની મદદથી પ્રવેશ સમિતિએ નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઈન સંમતિ (Consent) આપેલ હશે તે જ ઉમેદવારો સદર પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. આ બેઠકો માટે સંમતિ આપેલ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ રજિસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ આઉટ સાથે **રૂબરૂમાં પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે મેરીટ ક્રમાંક મુજબ દર્શાવેલ સમય પત્રક અનુસાર સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડના સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુસાંગીક સરકારી, અનુદાનીત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ **ઓફ લાઈન પ્રવેશ** માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે. **ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.**

## ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાનો રૂબરૂ પ્રવેશનો કાર્યક્રમ

| નં. | તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૨૭-૦૭-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૦૧ થી ૧૦૦૦ |
| ૨ | ૨૭-૦૭-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૧૦૦૧ થી ૨૫૦૦ |
| ૩ | ૨૭-૦૭-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૨૫૦૧ થી ૪૦૦૦ |
| ૪ | ૨૮-૦૭-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૪૦૦૧ થી ૬૦૦૦ |
| ૫ | ૨૮-૦૭-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૬૦૦૧ થી ૮૦૦૦ |
| ૬ | ૨૮-૦૭-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૮૦૦૧ થી ૧૦૦૦૦ |
| ૭ | ૨૯-૦૭-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૧૦૦૦૧ થી ૧૨૦૦૦ |
| ૮ | ૨૯-૦૭-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૧૨૦૦૧ થી ૧૪૦૦૦ |
| ૯ | ૨૯-૦૭-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૧૪૦૦૧ થી ૧૬૦૦૦ |
| ૧૦ | ૩૦-૦૭-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૧૬૦૦૧ થી ૧૮૦૦૦ |
| ૧૧ | ૩૦-૦૭-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૧૮૦૦૧ થી ૨૦૦૦૦ |
| ૧૨ | ૩૦-૦૭-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૨૦૦૦૧ થી ૨૨૦૦૦ |
| ૧૩ | ૩૧-૦૭-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૨૨૦૦૧ થી ૨૪૫૦૦ |
| ૧૪ | ૩૧-૦૭-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૨૪૫૦૧ થી ૨૭૦૦૦ |
| ૧૫ | ૩૧-૦૭-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૨૭૦૦૧ થી ૩૦૦૦૦ |
| ૧૬ | ૦૧-૦૮-૨૦૧૮ | સવારે ૦૯:૦૦ | ૩૦૦૦૧ થી ૩૩૦૦૦ |
| ૧૭ | ૦૧-૦૮-૨૦૧૮ | બપોરે ૧૨:૩૦ | ૩૩૦૦૧ થી ૩૬૦૦૦ |
| ૧૮ | ૦૧-૦૮-૨૦૧૮ | બપોરે ૦૩:૩૦ | ૩૬૦૦૧ થી ૩૯૭૩૦ |

**નોંધ : ઉમેદવારોએ સ્વયં તેઓને ફાળવેલ સમયના ૩૦ મીનીટ પહેલા અચુક હાજર થવાનું રહેશે.**

ઉપરોક્ત પ્રવેશ કાર્યક્રમ બાદ પણ જો બેઠકો ખાલી રહેશે તો આગળની કાર્યવાહી ત્યાર બાદ જાહેર કરવામાં આવશે. જેની જાહેરાત પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર તા. ૦૨-૦૮-૨૦૧૮ ના રોજ કરવામાં આવશે.

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૨૪-૦૭-૨૦૧૮** **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**